# Message from Hon'ble Prime Minister of India at International Thermonuclear Experimental Reactor (ITER) at the Start of ITER Assembly

July 29, 2020

## આંતરરાષ્ટ્રિય થર્મોન્યુક્લિયર પ્રાયોગિક રીએક્ટર (ITER) ની એસેમ્બલીનાં શુભારંભનાં અવસર પર ભારતનાં માનનીય વડાપ્રધાને સંદેશ મોકલ્યો

જુલાઈ 29, 2020

આઈટીઈઆર સંસ્થા આજે 28 જુલાઈ 2020 નાં રોજ ફ્રાન્સમાં સેંટ-પોલ-લેઝ-ડ્યુરાન્સ ખાતે આઈટીઈઆર ટોકામાબની એસેમ્બલીનાં શુભારંભની સમારોહ સાથે ઉજવણી કરી રહી છે. તમામ આમંત્રિત આઈટીઈઆર સભ્ય દેશોનાં રાષ્ટ્ર વડાઓ વ્યક્તિગત રીતે હાજરી આપી રહ્યા છે અથવા રીમોટ મોડથી ઈલેક્ટ્રોનિકલી હાજરી આપી રહ્યા છે અથવા તેઓનો સંદેશ પાઠવી રહ્યા છે. આ સમારોહ રાષ્ટ્રપતિ મેક્રોન દ્વારા વર્ચ્યુઅલી યોજવામાં આવ્યો છે.

માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેનાં સંદેશમાં અત્યાર સુધીમાં કઠોર પરિશ્રમ અને સફળતા બદલ આઈટીઈઆર સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. વૈજ્ઞાનિકો અને ઈજનેરોની વૈશ્વિક સહભાગીતાની નોંધ લેતા તેણે આઈટીઈઆરને પ્રાચિન ભારતીય માન્યતા -વસુધૈવ કુટુંબક્મ - નું સચોટ ચિત્રણ તરીકે રજૂ કરી હતી જેમાં માનવજાતની સુખાકારી માટે સમગ્ર વિશ્વ સાથે મળીને કામ કરી રહ્યું છે અને ભારત તેમાં પોતાનાં યોગદાનોનાં ઉચિત હિસ્સા માટે ગર્વની લાગણી સાથે ઉભુ છે, જેમાં આઈટીઈઆરને તેનાં ધ્યેયો હાંસલ કરવા અને પ્રદર્શિત કરવામાં મદદરૂપ થવા ક્રાયોસ્ટેટ, વેસલની અંદરનાં શિલ્ડ, પાણી શિતકરણમાં નોંધપાત્ર યોગદાનો, ક્રાયોજેનિક અને ક્રાયો-વિતરણ તંત્રો, આરએફ અને બીમ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા સહાયક ઉષ્ણતા ઉપકરણો, મલ્ટિ મેગાવોટ પાવર પૂરવઠાઓ અને કેટલાક ડાઈગ્નોસ્ટિક્સ જેવા યોગદાનોનો સમાવેશ થાય છે.

આ અવસર પર, ભારતનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીમનો સંદેશ ફ્રાન્સ અને મોનેકોમાં ભારતનાં રાજદૂત શ્રી જાવેદ અશરફ દ્વારા પહોંચાડવામાં આવ્યો હતો.

**આ સંદેશનું સંપૂર્ણ લખાણ નીચેની લિંક પર વાંચો**

http://dae.gov.in/writereaddata/iter2020_message_pm_india_shri_narendra_modi.pdf

**નવી દિલ્હી**
**જુલાઈ 29, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.